# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૪ તા.૨૪-૧૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :– તા.૨૬ મી નવેમ્બર "બંધારણ દિવસ" ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ :– એસ.એસ.એ. /એમ.એન્ડ.ડી./૨૦૧૬/ ૩૯૨૧ – ૯૫૭ તા.૨૨/૧૧/૨૦૧૬

તમામ મ્યુનિસિપલ શાળાના મુખ્ય શિક્ષક શ્રીઓને જણાવવાનું કે, તા.૨૬ મી નવેમ્બર "બંધારણ દિવસ" ની ઉજવણી કરવાનું નકકી કરવામાં આવેલ છે. શાળા કક્ષાએ વિવિધ પ્રવૃતિઓ કરવાની થાય છે. જે મુજબ વિદ્યાર્થીઓ આપણા દેશના બંધારણના ઘડવૈયા ર્ડા. બાબાસાહેબ આંબેડકર છે. તેમની જીવનશૈલી ઉપર વિસ્તૃત ચર્ચા વિચરણા કરવી વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડવા જણાવવામાં આવે છે. બંધારણ (ભારતનું સંવિધાન) ની કલમ ૫૧–ક મુજબ દરેક નાગરિકની મૂળભુત ફરજો નકકી કરવામાં આવેલ છે. તે મુજબ કુલ ૧૦ ફરજોનું વિવરણાત્મક માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે મુજબ દરેક વિદ્યાર્થીઓને સમજૂત કરવાના થાય છે. ૨૬ નવેમ્બરના દિવસે ઘ્વારા અલગ અલગ પ્રવૃતિઓ જેવી કે વકતૃત્વ સ્પર્ધા, ડિબેટ, નિબંધ સ્પર્ધા, કવીઝ કોમ્પીટીશન વગેરેનું આયોજન કરવાનં થાય છે. કાર્યક્રમ પૂર્ણ થયેથી અહેવાલ અને ફોટોગ્રાફ ઈ–મેઈલ ઘ્વારા સી.આર.સી. કો.ઓ. ને મોકલી આપવાના રહેશે. સી.આર.સી. કો.ઓ.એ કલસ્ટરની તમામ શાળાના ફોટોગ્રાફ અને અહેવાલનું એકંદરીકરણ કરી યુ.આર.સી. કો.ઓ. ને તા.૨૮/૧૧/૨૦૧૬ સુધી મોકલી આપવાના રહેશે. અને યુ.આર.સી. કો.ઓ.એ સમગ્ર ઝોનનું એકંદરીકરણ કરી તા.૨૮/૧૧/૨૦૧૬ સુધી કોમ્યુનીટી મોબીલાઈઝેશન કો.ઓ.ને મોકલી આપવાના રહેશે. જેથી ભારત સરકારશ્રીમાં માહિતી સમયસર મોકલી શકાય.

તા.૨૪-૧૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી